# અભિનેત્રી ઝિયા ખાનની આત્મહત્યા

મુંબઈ,તા. ૪

અમિતાભ બચ્ચન સાથે ફિલ્મ નિશબ્દથી બોલિવૂડમાં શાનદાર એન્ટ્રી કરનાર અભિનેત્રી ઝિયા ખાને મોડી રાત્રે મુંબઈના જૂહુ સ્થિત પોતાના ફ્લેટમાં ગળે ફાંસી ખાઈને આત્મહત્યા કરી લેતા સમગ્ર બોલિવૂડમાં ખળભળાટ મચી ગયો હતો. ઝિયા ખાનના મૃતદેહને પોસ્ટમોર્ટમ માટે જે જે હોસ્પિટલમાં મોકલી દેવામાં આવ્યો છે. મુંબઈ પોલીસના ડીસીપી સી દોર્જેએ માહિતી આપતા કહ્યું છે કે જૂહુની સાગર સંગીત ઈમારતના ૧૦૨ ફ્લેટ નંબરમાં રહેતી ઝિયા ખાને એ વખતે ગળે ફાંસી ખાઈ લીધો હતો જ્યારે તેના ઘરમાં કોઈ ન હતું. તેની મા અને બહેન બહાર ગયેલી હતી. રાત્રે પોણા અગિયાર વાગે ઘરે પરત ફર્યા બાદ ઝિયા ખાનને પંખા ઉપર લટકેલી હાલતમાં પરિવારના સભ્યોએ નિહાળી હતી. પોલીસે કહ્યું છે કે કોઈપણ પ્રકારની આત્મહત્યાની નોંધ મળી નથી. પોલીસ આત્મહત્યા પાછળના કારણોમાં તપાસ કરી રહી છે. પોલીસે આ સંબંધમાં સિક્યુરિટી ગાર્ડ અને આસપાસના લોકોની પૂછપરછ હાથ ધરી છે. ઝિયા ખાનનું અસલી નામ નફીસા ખાન હતું. અમેરિકામાં જન્મ થયા બાદ લંડનમાં તે મોટી થઈ હતી. ૨૫ વર્ષની ઝિયા ખાન તેની માતા રાબિયાની સાથે મુંબઈમાં શિફ્ટ થઈ ગઈ હતી. ઝિયાના નજીકના લોકોએ કહ્યું છે કે છેલ્લા ઘણા સમયથી અંગત કારણોસર ઝિયા ખૂબ જ ટેન્શનમાં હતી પરંતુ એક્ટીંગમાં પરત ફરવા માટે તે ઝડપથી કામ કરી રહી હતી. એમ પણ કહેવામાં આવે છે કે ફિલ્મો ન મળવાના કારણે તે ડિપ્રેશનમાં હતી. આ સંબંધમાં તે કેટલાક પ્રોજેક્ટનો લઈને ફિલ્મ નિર્માતાઓને પણ મળી રહી હતી. સોસિયલ નેટવર્કિંગ સાઈટ ટ્વીટર ઉપર ઝિયાએ ૨૪મી મેના દિવસે છેલ્લે તેનો સંદેશ લખ્યો હતો. ટ્વીટર ઉપર ઝિયાનું નામ નફીસા ખાન જ હતું. ૨૪મી મેના દિવસે ઝિયાએ છેલ્લી વખત ટ્વીટર ઉપર સંદેશ લખ્યો હતો અને કહ્યું હતું કે તે ટ્વીટર ઉપરથી થોડાક સમય માટે જઈ રહી છે. તે થોડાક સમય માટે બ્રેક ઈચ્છે છે. ક્યારેક ક્યારેક પોતાની યાદો તાજી કરવા માટે આરામની જરૂર પડે છે.



## ફિલ્મી કેરિયર ગ્રાફને લઈને ઝિયાખાન ખૂબ હતાશ હતી

મુંબઈ,તા. ૪

જુહુના આવાસ પર આત્મહત્યા કરી લેનાર ખુબસુરત અભિનેત્રી ઝિયાખાનની માતાએ તેની આત્મહત્યા બાદ પ્રથમ પ્રતિક્રિયામાં કહ્યુ છે કે ઝિયાખાન હાલમાં ખુબજ ડિપ્રેશનની સ્થિતિમાં આવી ગઈ હતી. હૈદરાબાદમાં ઓડિશનમાં અસ્વીકાર કરી લેવામાં આવ્યા બાદ તે મુશ્કેલી અનુભવી રહી હતી. તે ઈન્ટેરિયર ડિઝાઈનીંગમાં કેરિયર આગળ વધારવાની યોજના બનાવી રહી હતી કારણ કે પોતાના ફિલ્મી કેરિયર ગ્રાફને લઈને તે દુઃખી થયેલી હતી. અભિનેત્રી દિયા મિર્ઝાએ ઝિયાખાનના મોત અંગે સૌથી પહેલા અહેવાલ આપ્યા હતા. દિયા મિર્ઝાએ વહેલી પરોઢે ૧.૪૫ વાગ્યે સોશિયલ નેટવર્કીંગ સાઈટ મારફતે ઝિયાખાનના મોત અંગે અહેવાલ આપ્યા હતા. રાત્રે ૧૧.૦૦ વાગ્યે ઝિયાની માતા અને તેની બહેન ઘરે પરત ફરી ત્યારે ઝિયાખાન મૃત હાલતમાં મળી આવી હતી. પંખા પર લટકી જઈને ઝિયાએ આત્મહત્યા કરી હતી. પોલીસે આકસ્મિક મોતનો કેસ નોંધીને વધુ તપાસ હાથ ધરી છે.

ઝિયા ખાને બોલિવૂડમાં વર્ષ ૨૦૦૭માં રામગોપાલ વર્માની ફિલ્મ નિશબ્દ મારફતે કરી હતી. આ ફિલ્મમાં તેની સાથે અમિતાભ બચ્ચને મુખ્ય ભૂમિકા અદા કરી હતી. ફિલ્મને ખૂબ સારો પ્રતિસાદ મળ્યો ન હતો પરંતુ પોતાનામાં આત્મવિશ્વાસ, સેક્સ અપિલના કારણે ઝિયા ખાન ચર્ચામાં રહી હતી. ત્યારબાદ ઝિયા ખાને ગજની ફિલ્મમાં આમિર ખાન સાથે અને વર્ષ ૨૦૧૦માં સાજિદ ખાનની ફિલ્મ હાઉસ ફૂલમાં અક્ષય કુમાર સાથે ભૂમિકા ભજવી હતી. હાઉસફુલ અક્ષય કુમારની છેલ્લી ફિલ્મ હતી. સુપર સ્ટાર અમિતાભ બચ્ચને પણ ઝિયા ખાનના મોત અંગે દુઃખની લાગણી વ્યક્ત કરી છે.

અન્ય કલાકારોની જેમ અમિતાભને પણ આઘાત થયો છે. અમિતાભે ટ્વીટર ઉપર આઘાત વ્યક્ત કરતા કહ્યું છે કે આ બનાવને લઈને તેઓ વિશ્વાસ કરી શકતા નથી. ઝિયા ખાનને બેસ્ટ ડેબ્યુ નોમીનેશન મેળવવામાં પણ સફળતા હાથ લાગી હતી. ઝિયા ખાનને આત્મહત્યા શા માટે કરી તેને લઈને પોલીસે પણ ઊંડી તપાસ હાથ ધરી છે. ટૂંકમાં જ વાસ્તવિક ચિત્ર ઊભરીને આવી શકે છે પરંતુ હાલમાં બોલિવૂડમાં તેની આત્મહત્યાને લઈને ચકચાર મચી ગઈ છે.

## સટ્ટા કેસમાં મેયપ્પન, વિન્દુ અને અન્ય છને અંતે જામીન

નવી દિલ્હી,તા. ૪

ઈન્ડિયન પ્રીમીયર લીગ-૬માં સ્પોટ ફિક્સિંગના મામલામાં સકંજામાં આવેલા ચેન્નાઈ સુપર કિંગ્સ ટીમના વડા ગુરુનાથ મેયપ્પન અને બોલિવૂડ અભિનેતા વિન્દુ રંધાવા અને અન્ય છને આખરે જામીન મળી ગયા છે. બેટીંગ કેસમાં ૨૫૦૦૦ રૂપિયાના બોન્ડ ઉફર આ તમામને જામીન આપવામાં આવ્યા છે. જો કે આ તમામને શરતી રીતે જામીન આપવામાં આવ્યા છે.



મેયપ્પન, વિન્દુ અને અન્ય છ દેશ છોડી શકશે નહીં. સાથે સાથે દરેક વૈકલ્પિક દિવસે ક્રાઈમ બ્રાન્ચ સમક્ષ તેમને હાજરી આપવી પડશે. મેયપ્પન અને વિન્દુ ૧૪મી જૂન સુધી જ્યુડીશીયલ કસ્ટડીમાં હતા. જામીન બંનેના મંજૂર કરવામાં આવ્યા છે. કારણ કે આ જ કેસમાં બે બુકીને પણ જામીન મળી ચૂક્યા છે. ત્રણ વધુ બુકીઓને પણ આ કેસમાં જામીન મળી ચૂક્યા છે.

ટી-૨૦ લીગમાં બેટીંગ કૌભાંડમાં સંડોવણી બદલ મેયપ્પનની ૨૫મી મેની રાત્રે ધરપકડ કરી લેવામાં આવી હતી. અભિનેતા અને ટીવી રિયાલિટી સ્ટાર વિન્દુની બુકીઓ સાથે સાંઠગાંઠ બદલ ૨૨મી મેના દિવસે ધરપકડ કરી લેવામાં આવી હતી. વિન્દુની ધરપકડ કરવામાં આવ્યા બાદથી મેયપ્પન વિવાદના ઘેરામાં આવી ગયો હતો. વિન્દુએ એવી કબૂલાત પૂછપરછ દરમિયાન કરી હતી કે મેયપ્પન તરફથી પણ તે સટ્ટો લગાવી રહ્યો હતો. મેયપ્પન અને વિન્દુએ જ્યુડીશીયલ કસ્ટડીમાં તેમની અવધીના ગાળા દરમિયાન જામીન અરજી દાખલ કરી હતી. મેટ્રોપોલીટન મેજિસ્ટ્રેટે જ્યુડીશીયલ કસ્ટડીમાં તેમને મોકલી દીધા હતા. આ બંનેએ ગઈકાલે તેમના જામીન મંજૂર કરવા અપીલ કરી હતી.

## દક્ષિણ પશ્ચિમ મોનસૂનની હવે પખવાડિયામાં મુંબઈમાં એન્ટ્રી

હૈદરાબાદ,તા. ૪

દક્ષિણ પશ્ચિમ મોનસૂન સતત સક્રિય થયેલું છે અને નિર્ધારિત સમય મુજબ આગળ વધી રહ્યું છે. મોનસૂનની પરફેક્ટ એન્ટ્રી થયા બાદ હવામાન વિભાગ અને ખેડૂત સમુદાયના લોકો તથા સરકાર પણ બારે ખુશ છે. હવામાન વિભાગના જણાવ્યા મુજબ દક્ષિણ-પશ્ચિમ મોનસૂન આંધ્રપ્રદેશમાં પ્રવેશી ગયા બાદ હવે વધુ આગળ વધી રહ્યું છે અને આ પખવાડિયામાં જ મુંબઈમાં મોનસૂનની એન્ટ્રી થઈ જશે. ૯મી-૧૦મી જૂન સુધી મુંબઈમાં તમામ વિસ્તારો મોનસૂન હેઠળ આવી જશે. મોનસૂન ૭મી-૮મી જૂન સુધી મુંબઈ પહોંચી જાય તેવી આગાહી અન્ય એક સંસ્થા દ્વારા પણ કરવામાં આવી છે. બીજી બાજુ આ મહિનાના અંત સુધી દિલ્હીમાં પણ મોનસૂનની એન્ટ્રી થઈ જશે. મુંબઈ અને મહારાષ્ટ્રના અન્ય ભાગોમાં મોનસૂનની એન્ટ્રી થવાની સાથે જ ગુજરાતના ભાગોમાં પણ મોનસૂન સક્રિય થઈ જવાની શક્યતા દેખાઈ રહી છે. મોટાભાગના લોકો માને છે કે મુંબઈમાં વરસાદ પડ્યા બાદ તરત



ગુજરાતમાં વરસાદની શરૂઆત થાય છે. આ પખવાડિયામાં મુંબઈના મોટાભાગના વિસ્તારો મોનસૂન હેઠળ આવી જશે. મહારાષ્ટ્રમાં પાણીની કટોકટીનો સામનો કરી રહેલા ઘણા વિસ્તારોમાં મોનસૂન પહેલાના વરસાદી ઝાપટાં પડી ચૂક્યા છે. ગુજરાતમાં પણ સૌરાષ્ટ્ર અને આસપાસના ભાગોમાં વરસાદી ઝાંપટા પડી ચૂક્યા છે. દક્ષિણી મધ્ય મહારાષ્ટ્રમાં મોનસૂન બેસવાની તૈયારીમાં છે. અહીં આજીવીકા અને સિંચાઈની મોટી સમસ્યા પાણીની તકલીફના કારણે ઊભી થઈ છે. ભારતીય હવામાન વિભાગના ડિરેક્ટર જનરલ લક્ષ્મણસિંહ રાઠોડે કહ્યું છે કે મોનસૂની વરસાદ આગામી ૭૨ કલાકમાં ગોવા, મહારાષ્ટ્ર, કોકણ, કર્ણાટક અને આંધ્રપ્રદેશના વિસ્તારોને આવરી લેશે. મહારાષ્ટ્રમાં કોલ્હાપુર, સતારા, સોલાપુર જિલ્લાઓમાં ૧લી જૂનના દિવસે કેરળમાં મોનસૂન બેસી ગયા બાદ પહોંચે તેવી શક્યતા છે. હવામાન વિભાગે એમ પણ કહ્યું છે કે મુંબઈમાં ૭-૮ જૂન સુધી મોનસૂની વરસાદ થવાની શરૂઆત થઈ જશે. આગાહી મુજબ ચાર મહિનાની લાંબી વરસાદની સિઝન શરૂ થઈ ચૂકી છે. કેરળમાં મોટાભાગના વિસ્તારોમાં વરસાદ થઈ રહ્યો છે. હવામાન વિભાગનું કહેવું છે કે દરિયાકાંઠાના આંધ્રપ્રદેશ અને રાયલસીમા ઉપર ઘણી જગ્યાઓએ વરસાદી ઝાંપટા અને ગાજવીજ સાથે વરસાદ થઈ શકે છે જ્યારે એવી ચેતવણી પણ અપાઈ છે કે ચિતુર, કરનુલ, કડપ્પા, નેલ્લોર, પ્રકાશમ, ગંતુર, ક્રિષ્ણા, પૂર્વ અને પશ્ચિમી ગોદાવરીના વિસ્તારોમાં આગામી ૪૮ કલાકમાં કેટલીક જગ્યાઓમાં ભારે વરસાદ થઈ શકે છે. બંગાળના અખાતમાં લોપ્રેસરની સ્થિતિના પરિણામ સ્વરૂપે કેટલાક ભાગોમાં વરસાદ થઈ રહ્યો છે જેથી તીવ્ર ગરમીથી લોકોને રાહત મળી છે.

## એપ્રિલ માસમાં ૧૬૨ ટન સોનાની આયાત કરાઈ છે

નવી દિલ્હી,તા. ૪

એપ્રિલ મહિનાના ગાળા દરમિયાન ૧૬૨ ટન સોનાની દેશમાં આયાત કરવામાં આવી હતી. આની સાથે જ સીએડીને લઈને ચિંતા વધી ગઈ છે. સીએડી અથવા તો વર્તમાન ખાતાકીય ખાદ ઓક્ટોબર-ડિસેમ્બરના ત્રિમાસિક ગાળામાં જીડીપીના ૬.૭ ટકાની રેકોર્ડ ઊંચી સપાટીએ પહોંચી હતી. એપ્રિલ મહિનામાં ૭.૭૫ અબજ ડૉલરની કિંમતના સોના અને ચાંદીની આયાત કરવામાં આવી છે. આવી જ રીતે વર્ષ ૨૦૧૨-૧૩માં ૫૨.૫ અબજ ડૉલરની કિંમતની સોના અને ચાંદીની આયાત કરવામાં આવી હતી. ભારતે સોનાની આયાતને કાબૂમાં લેવા માટે વધુ પગલાં લેવાની તૈયારી દર્શાવી છે. વર્તમાન ખાતાકીય ખાદને અંકુશમાં લેવા માટે આ પગલાં ઉપર વિચારણા ચાલી રહી છે. નાણામંત્રી પી. ચિદમ્બરમ્ ફાઈનાશિયલ સ્ટેબીલિટી એન્ડ ડેવલોપમેન્ટ કાઉન્સીલની બેઠકમાં હાજરી આપ્યા બાદ સંકેત આપ્યો હતો કે સોનાની આયાતમાં કાપ મૂકવા વધુ પગલાં લેવામાં આવશે. મે મહિનાના ગાળામાં રૂપિયામાં ૪.૮ ટકાનો ઘટાડો થઈ ચૂક્યો છે. કેટલાક નિષ્ણાંતોએ તો એવી આગાહી કરી છે કે રૂપિયો ડૉલર સામે ૬૦ની સપાટી પહોંચી શકે છે. આયાતી ખર્ચ અને ફુગાવાની અસરના કારણે આ સ્થિતિ સર્જાઈ શકે છે. અગાઉના નામાંકીય વર્ષથી જ સોનાની આયાતમાં કાપ મૂકવાની તૈયારી હાથ ધરાઈ છે. બેંકો દ્વારા સોનાના સિક્કાના વેચાણ ઉપર પણ પ્રતિબંધ મૂકવામાં આવી શકે છે.

## આંતરિક સુરક્ષા અંગેની મિટિંગમાં મોદી ચમકશે

અમદાવાદ,નવી દિલ્હી, તા.૪

ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી બુધવારે દિલ્હી જશે. જ્યાં તેઓ વડાપ્રધાન મનમોહન સિંહની અધ્યક્ષતામાં મળનારી આંતરીક સલામતી માટેની રાજ્યોના મુખ્યમંત્રીઓની રાષ્ટ્રીય પરીષદમાં ભાગ લેશે. રાષ્ટ્રીય પરીષદમાં નક્સલવાદ સામે લડવાના ઉપાયો અને રાજ્યોની આંતરીક સલામતી ઉપર ચર્ચા કરવામાં આવશે. જેમાં દરેક રાજ્યોના મુખ્યમંત્રીઓ પોતાના મંતવ્યો રજુ કરશે. ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી પોતાના વ્યક્તવ્યમાં ગુજરાત સરહદી રાજ્ય હોવાથી વધુ કેન્દ્રીય સુરક્ષાની માંગ કરે તેવી શક્યતા જાણકારો વ્યક્ત કરી રહ્યા છે. ગુજરાતના મુખ્યમંત્રી દેશમાં સૌથી લોકપ્રિય રાજકારણી તરીકે ઉભરી રહ્યા છે ત્યારે તેમના નિવેદન પર નજર રહેશે.

## બાંગ્લાદેશ પ્રીમિયર લીગમાં પણ થાય છે મેચ ફિક્સિંગ

ઢાકા-૦૪

આઈ.પી.એલ. એટલે કે ઈન્ડિયન પ્રીમિયર લીગમાં ફિક્સિંગ મામલે બદનામ થયા પછી બી.પી.એલ. (બાંગ્લાદેશ પ્રીમિયર લીગ)માં પણ મેચ ફિક્સિંગના આરોપો લાગ્યા છે. બી.પી.એલ.માં ફિક્સીંગ મામલે બાંગ્લાદેશના એક ખેલાડી મોહમ્મદ અશરફુલને સસ્પેન્ડ કરી દીધો છે. ઉલ્લેખનીય છે કે અશરફુલ બાંગ્લાદેશની ટીમનો કેપ્ટન રહી ચુક્યો છે. આઈ.પી.એલ.ની જેમજ બાંગ્લાદેશ પ્રીમિયર લીગ રમાડવામાં આવે છે. ઉલ્લેખનીય છે કે સ્પેશ્યલ સેલની પકડમાં આવેલા નાગપુરના બુકી સુનીલ ભાટિયાએ મોટો ખુલાસો કરતા કહ્યુ હતુ કે પાડોશી દેશ બાંગ્લાદેશની બી.પી.એલના ઘણા નામી ખેલાડીઓ સાથે તેને નજીકના સંબંધો છે. બાંગ્લાદેશના ક્રિકેટર મશરફ મુર્તઝાએ પણ પોતાની ટીમ ઢાકા ગ્લેડિએટર્સના જણાવ્યુ કે ટીમના તેના સાથી ક્રિકેટરે તેની સામે સ્પોટ ફિક્સિંગ નો પ્રસ્તાવ મુક્યો હતો. ગ્લેડિએટર્સના મીડિયા મેનેજર ચિન્હાજુદ્દિન ખાને આ વાતને સંમતિ આપતા જણાવ્યુ કે આ વાતની જાણકારી તેમણે બી.પી.એલને આપી દીધી છે. મુર્તુઝાએ એક ક્રિકેટ વેબસાઈટમાં કહ્યુ કે મેં ટીમ મેનેજમેન્ટને આ વિષે જણાવી દીધુ છે. મને આશા છે કે તે આ મામલે યોગ્ય કાર્યવાહી કરશે. મુર્તઝાએ વધુમાં જણાવ્યુ કે જો ટુર્નામેન્ટ દરમિયાન કોઈ પણ અનિયમિતતાની તેને શંકા જશે તો તે ટીમની કપ્તાની છોડી દેશે. બી.સી.બી. અધ્યક્ષ નઝમુલ હસને સૂત્રોને કહ્યુ કે અશરફુલે એસી.એસ.યૂ. ટીમ સામેની મેચોને ફિક્સ કરવામાં પોતાની ભાગીદારી સ્વીકારી લીધી છે. હસને જણાવ્યુ કે અશરફુલને કોઈપણ સ્તરનું ક્રિકેટ રમવાની અનુમતી નહિ આપવામાં આવે. હસને જણાવ્યુ કે અશરફુલે એસી.એસ.યુ. ટીમ સામેની મેચોમાં ફિક્સિંગમાં સામેલ હોવાની વાત સ્વીકારી લીધી છે. તેથી જ્યા સુધી અમને તપાસનો પૂરો રિપોર્ટ નહિ મળે ત્યાં સુધી તેને ક્રિકેટમાં કોઈપણ સ્તેર રમવાની અનુમતિ નહિ મળે. આઈ.સી.સી. એ એસ.સી.યુ. બાંગ્લાદેશ પ્રીમિયર લીગ દરમ્યાન ગરબડના આરોપોની તપાસ કરી રહી છે.

## મફતમાં મળેલાં લેપટોપ પાંચ હજારમાં વેચી દીધાં

લખનૌ,તા.૪

ઉત્તર પ્રદેશનાં મુખ્યમંત્રી અખિલેશ યાદવનાં હાથે લેપટોપ મેળવ્યા બાદ કેટલાંક વિદ્યાર્થીઓ તુરંત જ બજારમાં પહોંચી ગયા હતાં. તેઓની પૈસાની લાલચ એટલી મોટી હતી કે, ૧૯,૦૦૦નું લેપટોપ માત્ર રૂપિયા પાંચ હજારમાં વેચવાની વાત કરતાં લોકોએ તેમને સાંભળ્યા હતાં.

દુકાનદારે કહ્યું હતું કે, લેપટોપનું સોફ્ટવેર બદલી નાંખવામાં આવે તો સારી કિંમત મળી શકે એમ છે. સેમ્પલ પીસ તરીકે દુકાનદારે એક લેપટોપ રાખી લીધું હતું. કેટલાંક વિદ્યાર્થીઓએ તેમનાં લેપટોપ સિનિયર વિદ્યાર્થીઓને વેચી દીધા હતાં. નામ નહીં આપવાની શરતે એક વિદ્યાર્થીએ કહ્યું હતું કે, મારી પાસે પહેલાંથી જ લેપટોપ છે માટે હવે મારે જરૂર નથી એટલા માટે મેં મારાં મિત્રને લેપટોપ વેચી દીધું છે. મફત મળતાં લેપટોપ વિદ્યાર્થીઓ જતા કરવા તૈયાર નહોતાં. કેટલાંક વિદ્યાર્થીઓએ પૈસાની લાલચે અને અથવા માતા-પિતાએ અપાવેલાં લેપટોપનાં કારણે અન્યોને લેપટોપ વેચી દીધા હતાં. પાંચ કૉલેજોનાં એવા મોટી સંખ્યામાં છાત્રો છે કે જેમણે માત્ર લેપટોપ લેવા માટે એડમિશન લીધું હતું જેમાંથી કેટલાંકે તો પરીક્ષાના ફોર્મ પણ ભર્યા નથી અને કેટલાંકે વાર્ષિક પરીક્ષા પણ આપી નથી. સૂત્રોના જણાવ્યા મુજબ આવી રીતે વિદ્યાર્થીઓને એડમિશન લેવાનો ઉદ્દેશ્ય માત્ર લેપટોપ મેળવવાનો હતો જેથી જરૂરી નિયમો કહેવા ખાતર તેમણે પૂરા કર્યા હતાં. આમ થવાનાં કારણે ખરેખર ભણનારાં વિદ્યાર્થીઓ અને આ પ્રકારે લેપટોપ લેનારા વિદ્યાર્થીઓ વચ્ચેનો ફરક શોધવાનું કૉલેજો માટે અઘરું બની ગયું છે.

## સીઆઈસીના આદેશને લઈ બધા રાજકીય પક્ષ વિભાજીત

નવી દિલ્હી,તા. ૪

આરટીઆઈની હદ હેઠળ રાજકીય પક્ષોને લાવવાના સીઆઈસીના આદેશથી ભારે રાજકીય વિવાદ ફેલાઈ ગયો છે. રાજકીય પક્ષો આને લઈને વિભાજીત દેખાઈ રહ્યા છે. કોંગ્રેસ અને કેટલાક અન્ય પક્ષોએ સીઆઈસીના આદેશને ફગાવી દીધો છે. જ્યારે મુખ્ય વિરોધ પક્ષ ભાજપે કહ્યુ છે કે આ પ્રકારની હિલચાલને લઈને તેને કોઈ પણ વાંધો નથી. સીઆઈસી દ્વારા તેનો આદેશ આપવામાં આવ્યાના એક દિવસ બાદ કોંગ્રેસે કહ્યુ હતુ કે આ ખુબજ સાહસી અભિગમ છે. આનાથી લોકશાહી સંસ્થાઓને ભારે નુકસાન થશે. સીપીઆઈએમ અને ભાજપના સાથી પક્ષ જેડીયુ દ્વારા પણ આની સામે વાંધો ઉઠાવવામાં આવ્યો છે જો કે ભાજપે આની સામે હકારાત્મક વલણ દર્શાવ્યુ છે. દિલ્હીમાં પત્રકારો સાથે વાતચીત કરતા એઆઈસીસીના જનરલ સેક્રેટરી જનાર્દન દ્વિવેદીએ કહ્યુ હતુ કે આ બાબત સ્વીકાર્ય નથી. આને લઈને અમે સંપૂર્ણપણે વિરોધી મત ધરાવીએ છીએ. આ પ્રકારના સાહસી અભિગમથી લોકશાહી સંસ્થાઓને નુકસાન થશે. તેમણે ઉમેર્યુ હતુ કે રાજકીય પક્ષોને સાથે લઈને ચાલવાની જરૂર છે. બીજી બાજુ પોતાના નિવેદનમાં સીપીઆઈએમે કહ્યુ છેકે સીઆઈસીના આદેશને સ્વીકારી શકાય નહીં. રાજકીય પક્ષોને રાઈટ ટુ ઈન્ફરમેશન એક્ટ હેઠળ લાવવાની બાબત બિલકુલ યોગ્ય દેખાતી નથી. આ બાબત મૂળભૂત અધિકારો પર આધારિત હોવી જોઈએ. સીઆઈસીના નિર્ણયને દરમિયાનગીરી તરીકે ગણવામાં આવે છે. જેડીયુના વડા શરદ યાદવે કહ્યુ છે કે આ આદેશને કોઈ પણ રીતે વાજબી ગણી શકાય નહીં. કારણ કે રાજકીય પક્ષો કોઈ દુકાન નથી. ભાજપે કહ્યુ છે કે સીઆઈસીના આદેશમાં કાંઈ પણ ખોટુ નથી. ભાજપના પ્રવકતા કેપ્ટન અભિમાન્યુએ કહ્યુ છે કે ભાજપને આની સામે કોઈ વાંધો નથી કારણ કે આનાથી પારદર્શકતા લાવવામાં મદદ મળશે. આ બાબત તમામને લાગુ પડવી જોઈએ. અમે કાયદાનું પાલન કરીશું. સીઆઈસીએ ગઈકાલે આદેશ જારી કરીને રાજકીય પક્ષોની ઉંઘ હરામ કરી દીધી હતી. રાજકીય પક્ષો આરટીઆઈ એક્ટ હેઠળ લેવાની વાત કરવામાં આવી હતી.

**ચર્ચાસ્પદ રેલવે લાંચ-રૂશ્વત કાંડમાં**

## સીબીઆઈ પૂર્વ રેલ મંત્રી પવન બંસલની પૂછપરછ કરશે

નવીદિલ્હી,તા.૪

રેલવેમાં પ્રમોશન માટે થયેલાં લાંચ-રૂશ્વત કાંડમાં જુદાં-જુદાં પાસાઓમાં સીબીઆઈ હવે પૂર્વ રેલમંત્રી પવનકુમાર બંસલની પૂછપરછ કરશે. સૂત્રોના જણાવ્યા મુજબ પૂછતાછ દરમિયાન સસ્પેન્ડ કરાયેલા રેલવે બોર્ડના સદસ્ય મહેશકુમારની નિયુક્તિના મુદ્દે પવન બંસલને તેની આસપાસ રહેલી ભૂમિકા બાબતે જાણકારી મેળવાયા બાદ હવે આ સપ્તાહે પવન બંસલની પૂછપરછ કરવામાં આવશે. બંસલના ભાણેજ વિજય સિંગલા પર મહેશકુમારને પ્રમોશન અપાવવા બદલ ૯૦ લાખ રોકડા લીધા હોવાનો આરોપ છે. રાજકીય દબાણ વધતાં બંસલને મંત્રીપદેથી રાજીનામું આપવું પડ્યું હતું. સીબીઆઈ મહેશકુમારની નિયુક્તિ સંબંધિત તમામ ફાઈલો તેમનાં હસ્તક કરી ચૂકી છે અને મહેશકુમાર, વિજય સિંગલા, સચિવ રાહુલ ભંડારીના નિવેદનો રેકોર્ડ કરી ચૂકી છે. તપાસ એજન્સીએ ૧૬ એપ્રિલનાં રોજ મુંબઈમાં મહેશકુમાર સાથે થયેલી બંસલની મુલાકાતનાં સંદર્ભે એકઠા કરેલા પુરાવાઓ સાથે પવન બંસલની પૂછપરછ કરવામાં આવશે. બંસલ પર આરોપ છે કે ૧૬ એપ્રિલના રોજ તેમણે મહેશકુમાર સાથે મુંબઈમાં મુલાકાત કરી હતી. એજન્સીનો દાવો છે કે, આ મુલાકાત દરમિયાન મહેશકુમારની નિયુક્તિને મંજુરીની મહોર મારવામાં આવી હતી અને તે સમયે મહેશકુમાર પશ્ચિમ વિભાગમાં જી.એમ. હતાં. બંસલની પૂછપરછ દરમિયાન ટેલિફોનિક વાતચીતના પુરાવાઓ પણ રજૂ કરવામાં આવશે. મહેશકુમાર અને વિજય સિંગલા વચ્ચે થયેલી વાતચીતના એક હજાર ફોનકોલ્સ ડિટેઈલ સીબીઆઈએ મેળવી લીધી છે. આ મામલે નવ લોકોની ધરપકડ પણ થઈ ચૂકી છે. ઈન્ટરપ્ટ કરવામાં આવેલી કોલડિટેઈલ પ્રમાણે સિંગલા, મહેશકુમાર, મંજુનાથ અને સંદીપ ગોયલ સાથેની વાતચીતના લોકેશન મોટાભાગે પૂર્વ રેલવેમંત્રીના નિવાસસ્થાનની આસપાસ અને રેલભવનની આસપાસનાં જ પ્રાપ્ત થયા છે. આ તમામ મુદ્દાઓને લઈ આજે સીબીઆઈ પૂર્વ રેલવે મંત્રી પવન બંસલની પૂછપરછ કરશે.



અત્રે ઉલ્લેખનીય છે કે, વિજય સિંગલા પવનકુમાર બંસલનો ભાણેજ છે અને તે મુંબઈમાં ૯૦ લાખની લાંચ લેતા સીબીઆઈનાં હાથે રંગેહાથ ઝડપાઈ ગયા હતાં. છેલ્લાં ત્રણ મહિના દરમિયાનની માહિતી પ્રમાણે લાંચ-રૂશ્વત ખાતાની વિજય સિંગલા પર ચાંપતી નજર હતી અને તેનાં આધારે જ સિંગ્લાને લાંચ લેતા ઝડપી પાડવામાં આવ્યા હતાં.

## Hello ફ્રેન્ડસ ! (પાના નં. ૪ નું ચાલુ)

(પાના નં. ૪ નું ચાલુ)

દીકરી કયાં એકમિશન લેશે? ફી નું શું? એન્જિનિયર બન્યા બાદ નોકરીનું શું? દીકરીને બહારગામ મોકલીએ તો ભણશે કે રખડી ખાશે? કૉલેજમાં કોઇ લફરાંતો નહીં કરે ને? કોઇ બોયફ્રેન્ડ સાથે ભાગી તો નહીં જાય ને? આવાં ટેન્શનનાં અપડેટ્સ ફેસબુક પરનાં લોકોનાં નખરાં જોઇને થવાં લાગ્યા... દીકરી ડાહી નીકળી અને શાણી પણ હતી, હવે હું ઘરનાં હપ્તા અને ગાડીનાં હપ્તામાંથી છૂટો થયો હતો અને ટેન્શન થાક ખાવા રોકાયું હોય એવું લાગ્યું ત્યાં તો દીકરી માટે માંગા આવવાં શરૂ થયાં... સારો મુરતીયો મળશે કે કેમ? દહેજનું શું? કેટલાં તોલા સોનાનાં ઘરેણાં કરવાનાં? લગ્નનું બજેટ કયાં પહોંચશે? ફરી પાછું ટેન્શનમાં વાળ તોડવાનું શરૂ થયું... દીકરી તો લગન કરીને સાસરીએ ચાલી ગઇ, પાછળ અમે બંને બચી ગયા લગ્નની લોનનો હપ્તા ભરવા માટે.

દીકરી સેટલ થઇ એટલે હવે કોઇ ટેન્શન નહીં એવું વિચારતાં હતાં ત્યાં જ એની બદલી અમેરિકા થઇ ગઇ, અહીં પહેલેથી જ મા-બાપની સ્વર્ગલોકમાં બદલી થઇ ગયેલી, હવે આટલા બધા ઘરમાં બંને નવરાધૂપ એટલે એનુંય ટેન્શન ચાલું થયું, માથે કોઇ દેવું નહોતું એનો આનંદ હતો, પણ સાથે હવે કોઇ નથી નું ટેન્શન હતું. સમાજસેવા કરવા નીકળીએ તો પત્નીને ઘૂંટણની તકલીફ ને મારે કાનપુરમાં ગડતાળ એટલે એનું ય ટેન્શન... પહેલાં પગારનાં દિવસે ૫૦૦ બચતાં હતા અને આજે પચાસ હજાર બચે છે અને મહિનામાં પાંચ હજારનોય ખર્ચો નથી, એનું ટેન્શન...

દીકરીનાં લગ્નનેય પાંચ વર્ષ થઇ ગયાં પણ એને ત્યાં સંતાન નથી એટલે નવું ટેન્શન, એને સારા દિવસો કયારે રહેશે? દીકરો થશે કે દીકરી? નોર્મલ થશે કે સિઝેરીયન? અમેરિકા થશે તો એને કોણ સાચવશે? અમે કયારે નાના - નાની થઇશું? એમનાં બાળકો અમારાં ખભા પર ચઢીને મસ્તી કરે એ પહેલાં ટેન્શનનાં બચ્ચાંઓ અમારાં મન પર ડીસ્કો ડાન્સ કરવા લાગ્યાં છે... ટૂંકમાં આ ટેન્શનનું વળગેલું ભૂત મરીએ નહીં ત્યાં સુધી આપણો વળગાડ છોડવાનું નથી...

આ અઠવાડિયે શું લખીશ? એનું ટેન્શન કરતાં કરતાં આખો લેખ જ ટેન્શનમાં લખી કાઢ્યો... મારાં જેવું ટેન્શન બધાંને થતું જ હશે કે મને એકલાને એનું ય ટેન્શન? આમાં રોજબરોજનાં ટેન્શન તો પાછાં લખ્યાં જ નથી, સારૂં ટેન્શન ના કરતાં, ટેન્શન નહીં કરવાનાં ઉપાયો કયારેક લખીશું, તમને ઉપાય શો બતાવવા એનું મને ટેન્શન થાય છે!!

**ચૂંટલો :**

ગોલ, એચિવમેન્ટ, ટાર્ગેટ, કરિઅર, પ્રમોશન, પ્રસિદ્ધિ, નોકરી, ઘર, ગાડી, સંસાર, મિત્રો ડગલને પગલે ટેન્શન આવે જ છે, ટેન્શન જનરેશનમાં લગભગ સૌની પીઠ પર ટેન્શનનો વેતાળ લટકેલો છે, બધા જ લોકો કોઇ અજાણ્યા અને વિચિત્ર ટેન્શનમાં જીવે જ છે.